T-20 વર્લ્ડકપ | આજની મેચ | વેસ્ટઈન્ડિઝ v/s નેપાળ ▶ સમય: સવારે 11 વાગ્યે ▶ સ્થળ: મુંબઈ | અમેરીકા v/s નામિબિયા ▶ સમય: બપોરે 3.00 વાગ્યે ▶ સ્થળ: ચેન્નાઈ | ભારત v/s પાકિસ્તાન ▶ સમય: સાંજે 7.00 વાગ્યે ▶ સ્થળ: કોલંબો

# બુમરાહ વિ. ફરહાન-હાર્દિક વિ. તારિક પર રહશે સૌની નજર







**કુલદીપે** વનડેમાં બાબરને 3 વખત આઉટ કર્યો છે, તારિક સામે હાર્દિક લાંબા છગ્ગા લગાવશે કે કેમ તે જોવું રહ્યું

**અભિષેકની** ટીમમાં વાપસીથી ટોચના ક્રમને મજબૂતી મળી છે

કોલંબો, તા. 14 (પીટીઆઈ): આધુનિક ટી20 ક્રિકેટમાં હવે ડેટા અને 'મેચ-અપ' (એક ટીમના ખાસ ખેલાડીનો બીજી ટીમના ખાસ ખેલાડી વચ્ચેનો મુકાબલો) ખૂબ જ મહત્વના બની ગયા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે મર્યાદિત મેચો રમાતી હોવા છતાં, ઉપલબ્ધ આંકડાઓના આધારે ગૌતમ ગંભીર અને માઈક હેસન માટે વ્યૂહરચના ઘડવી અનિવાર્ય છે. રવિવારે રમાનારા મહામુકાબલમાં પાંચ એવા મેચ-અપ છે જે પરિણામ બદલી શકે છે:

**સાહિબઝાદા ફરહાન વિ. જસપ્રીત બુમરાહ:**

ભૂતકાળમાં ફરહાન બુમરાહ પર ભારે પડ્યો છે. આંકડા મુજબ, ત્રણ મેચમાં ફરહાને બુમરાહના 34 બોલનો સામનો કર્યો છે અને એક પણ વાર આઉટ થયા વગર 51 રન બનાવ્યા છે. બુમરાહ સામે એક જ ટી-20 મેચમાં બે છગ્ગા મારનારા જૂજ બેટ્સમેનોમાં તેનો સમાવેશ થાય છે. પાવરપ્લેમાં ગંભીર બુમરાહનો ઉપયોગ કેવી રીતે કરે છે તે જોવું રસપ્રદ રહેશે.

**બાબર આઝમ વિ. કુલદીપ યાદવ:**

ટી-20માં કુલદીપે બાબરને ક્યારેય બોલિંગ કરી નથી, પરંતુ વનડેમાં તેણે બાબરને ત્રણ વાર આઉટ કર્યો છે. બાબરે કુલદીપ સામે 52 બોલમાં માત્ર 28 રન બનાવ્યા છે. પાકિસ્તાન સામે કુલદીપનો રેકોર્ડ શાનદાર છે, તેણે 3 મેચમાં 8 વિકેટ ઝડપી છે. જો અર્શદીપની જગ્યાએ કુલદીપને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળે, તો તે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

**હાર્દિક પંડ્યા વિ. ઉસ્માન તારિક:**

ઉસ્માન તારિકની રહસ્યમય બોલિંગ એક્શનને ઉકેલવા માટે હાર્દિક પંડ્યા શ્રેષ્ઠ વિકલ્પ છે. મિડલ ઓવરોમાં જ્યારે તારિક બોલિંગમાં આવશે, ત્યારે હાર્દિકની બેક-લિફ્ટ અને મોટા શોટ રમવાની ક્ષમતા તેને ફાયદો કરાવી શકે છે.

**ઇશાન કિશન-અભિષેક વિ. શાહીન શાહ આફ્રિદી:**

ફોર્મમાં ચાલી રહેલો ઈશાન કિશન અને અભિષેક શર્મા આફ્રિદી પર આક્રમણ કરી પાવર પ્લેમાં વધુમાં વધુ રન બનાવવા માગશે. સામા પક્ષે આફ્રિદી કિશનની હાઈટને ધ્યાનમાં રાખીને શોર્ટ બોલનો ઉપયોગ કેવી રીતે કરે છે, તે જોવું રોમાંચક રહેશે.

**શિવમ દુબે વિ. અબરાર અને શાદાબ અહેમદ:**

સ્પિનરો, ખાસ કરીને લેગ-સ્પિનરો સામે દુબેનો સ્ટ્રાઈક રેટ 193થી વધુનો છે. પાકિસ્તાની સ્પિનરો સામે દુબે પોતાની લાંબી સિક્સર મારવાની ક્ષમતાનો પૂરો ઉપયોગ કરશે તે નક્કી છે.

## શું ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ હાથ મિલાવશે?

ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે મેચ પહેલા પત્રકારો સાથે વાત કરતા હાથ ન મિલાવવાની નીતિ પર સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, 'આ અંગેનો નિર્ણય રવિવારે લેવામાં આવશે. આપણે અહીં ક્રિકેટ રમવા આવ્યા છીએ અને અમારું ધ્યાન રમત પર છે. અત્યારે સારું જમો અને સૂઈ જાઓ, કાલે જે થશે તે જોઈ લઈશું.' ઉલ્લેખનીય છે કે પુલવામા હુમલા બાદ ભારત પાકિસ્તાન સામે 'નો હેંડશેક'ની નીતિ અપનાવી રહ્યું છે. સામે પક્ષે પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ દડો ભારતના પાલે નાખતા કહ્યું કે, 'ક્રિકેટને ખેલદિલીથી રમવું જોઈએ. જે રીતે ક્રિકેટ હંમેશાંથી રમાતું આવ્યું છે તે જ રીતે તેને રમવું જોઈએ. આ બાબતે આગળ શું કરવું તે ભારત પર નિર્ભર છે.'

## ટી-20 વર્લ્ડકપમાં ભારતે જીતી છે સૌથી વધુ મેચ

ટી20 વર્લ્ડકપના ઇતિહાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધી 8 મુકાબલા થયા છે, જેમાંથી 7 વખત ભારતનો વિજય થયો છે, જ્યારે પાકિસ્તાન માત્ર એક જ વાર (2021માં) જીતવામાં સફળ રહ્યું છે. વનડે અને ટી-20 બંને વર્લ્ડકપને ગણતા ભારત માત્ર આ એક જ મેચ હાર્યું છે.

| વર્ષ અને સ્ટેજ | પરિણામ | પ્લેયર ઓફ ધ મેચ |
|---|---|---|
| 2007 (ગ્રુપ સ્ટેજ) | ભારતનો બોલ-આઉટમાં વિજય | રોબિન ઉથપ્પા |
| 2007 (ફાઈનલ) | ભારતનો 5 રનથી વિજય | ઈરફાન પઠાણ |
| 2012 (સુપર-8) | ભારતનો 8 વિકેટથી વિજય | વિરાટ કોહલી |
| 2014 (ગ્રુપ સ્ટેજ) | ભારતનો 7 વિકેટથી વિજય | અમિત મિશ્રા |
| 2016 (સુપર-10) | ભારતનો 6 વિકેટથી વિજય | વિરાટ કોહલી |
| 2021 (સુપર-12) | પાકિસ્તાનનો 10 વિકેટથી વિજય | શાહીન આફ્રિદી |
| 2022 (સુપર-12) | ભારતનો 4 વિકેટથી વિજય | વિરાટ કોહલી |
| 2024 (ગ્રુપ સ્ટેજ) | ભારતનો 6 રનથી વિજય | જસપ્રીત બુમરાહ |

## આજે વરસાદની શક્યતા

ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન આવતીકાલે વરસાદ હેડલાઇન્સમાં રહેવાની શક્યતા છે. બપોરે અને સાંજે વરસાદની આગાહી છે, પરંતુ એક્યુવેધર મુજબ કાળા વાદળો રમતને ખોરવી શકે છે. જોકે, મેચના કલાકો દરમિયાન વરસાદની શક્યતા નહિવત્ છે. જો સવારે પવનની ગતિ અને દિશા બદલાય તો વરસાદની આ આગાહી પણ બદલાઈ શકે છે.


## નકવી મેચ જોવા કોલંબો પહોચ્યા, જય શાહ સાથે વાતચીત કરશે

કરાચી, તા. 14 (પીટીઆઇ): PCB અધ્યક્ષ મોહસીન નકવી રવિવારે ભારત-પાકિસ્તાન મેચ માટે કોલંબો પહોચી ગયા છે. તાજેતરમાં મેચના બહિષ્કારના વિવાદ બાદ સંબંધો સુધારવા માટે તેઓ ICCના અધ્યક્ષ જય શાહ અને અન્ય અધિકારીઓ સાથે ચર્ચા કરશે. પાકિસ્તાન સરકારે અગાઉ સુરક્ષા કારણોસર બાંગ્લાદેશના સમર્થનમાં ભારત સામે ન રમવાનો નિર્ણય લીધો હતો, પરંતુ આંતરરાષ્ટ્રીય દબાણ બાદ પાકિસ્તાને યુ-ટર્ન લીધો છે. વડા પ્રધાન શહબાઝ શરીફ સાથેની મુલાકાત બાદ નકવી હવે અન્ય બોર્ડ સાથે મહત્વની બેઠકો કરશે. બીજી બાજુ બાંગ્લાદેશ બોર્ડના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ ICCનું મેચ જોવા માટેનું આમંત્રણ અસ્વીકાર કર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેમની ટીમ ટી-વર્લ્ડકપનો ભાગ નથી એટલે તેમનું ત્યાં રહેવું યોગ્ય નથી.

# ભારત-પાકિસ્તાન મુકાબલો: મેચ જીતવા રન બચાવવાની અને કેચ પકડવાની જરૂર

**વર્લ્ડકપ સ્પેશિયલ**

**- સુનિલ ગવાસ્કર**



કટ્ટર હરીફ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ન રમાય તેવી કોઈ શક્યતા ક્યારેય ન હતી, પરંતુ જ્યારે રાજકારણ પ્રવેશ કરે છે અને રાજકારણીઓ લોકપ્રિયતાના ગુણ મેળવવાનો પ્રયાસ કરે છે, ત્યારે લીક થતી વિગતો, પરોક્ષ ઈશારાઓ અને અફવાઓના કારણે હંમેશા નાટકનું સર્જન થતું હોય છે.

બંને ટીમોના શ્રેયાર્થે કહેવું પડે કે, તેઓએ પોતાનું ધ્યાન સામેના લક્ષ્ય પર કેન્દ્રિત રાખ્યું હતું, જે તેમના ગ્રુપમાં ઉભરી રહેલી નવી ટીમોને હરાવીને ટૂર્નામેન્ટના આગલા તબક્કામાં ક્વોલિફિકેશન સુનિશ્ચિત કરવાનું હતું. જે રીતે બંને ટીમોએ પોતાની છેલ્લી બે મેચો જીતી છે, તે પોતે જ એક સંકેત છે કે આપણને એક ધમાકેદાર મુકાબલો જોવા મળી શકે છે.

ભારત અભિષેક શર્માની ઉપલબ્ધતાને લઈને ચિંતિત હશે, જે અગાઉની મેચમાં રમ્યો ન હતો. જોકે જ્યારે ભારત નામિબિયા સામે રમ્યું ત્યારે તે મેદાન પર હાજર હતો, પરંતુ તે મેચ માટે તૈયાર હશે કે કેમ તેનો નિર્ણય કદાચ ભારતીય થિંક ટેન્ક સિક્કો ઉછળવાના થોડા કલાકો પહેલા લેશે. કોલંબોની પિચો ધીમી રહી છે, જે મુંબઈ અને દિલ્હીની પિચો જેવી નથી જ્યાં ભારત તેની બે મેચ રમ્યું હતું. તેથી ભારત વોશિંગ્ટન સુંદરને ટીમમાં લાવવા માટે લલચાઈ શકે છે, જે પોતાની ઓફ-સ્પિન બોલિંગ કરી શકે છે અને બેટિંગ ક્રમને વધારાની મજબૂતી અને ઊંડાણ પણ આપી શકે છે. બીજો ચર્ચાનો વિષય પાકિસ્તાનનો ઓફ-સ્પિનર ઉસ્માન તારિક રહ્યો છે. તેણે ઓસ્ટ્રેલિયાની ટીમ માટે કેટલીક મુશ્કેલીઓ ઊભી કરી હતી અને તેની બોલિંગ એક્શનની કાયદેસરતા તેમજ બોલ રિલીઝ કરતા પહેલા તે જે અટકે છે તેના વિશે ઘણી ચર્ચાઓ થઈ છે. નિયમોમાં એવું ક્યાંય લખ્યું નથી કે બોલર કેટલો 'સમય અટકી' શકે છે, જેવી રીતે નિયમોમાં બેટરને બોલ છૂટતા પહેલા હલચલ ન કરવા માટે કંઈ કહેવામાં આવ્યું નથી. પાકિસ્તાનને ફાયદો એ રહેશે કે તેઓ છેલ્લા દસ દિવસથી શ્રીલંકામાં છે અને અહીંની પરિસ્થિતિઓનો અનુભવ મેળવી ચૂક્યા છે.

આ ફોર્મેટમાં હંમેશાની જેમ, પાવરપ્લે એ સંકેત આપશે કે મેચ કેવા વળાંક પર જશે. કેચ પકડવા અત્યંત નિર્ણાયક બની રહેશે અને જે ટીમ તે એક વધારાનો રન બચાવશે તે અંતે બીજી ટીમ કરતા વધુ સ્મિત સાથે મેદાન છોડશે.

Manufactures & Suppliers of
High Quality
Safety & Rescue Equipments
World Class
A-ONE FIRE SAFETY
SERVICES
Since 1995
85-86-87, Sardar Complex,
Opp. Sardar Bridge, Adajan Road, Surat.
Mo. 9825148113, 9624024644
mandeepa1@yahoo.com
www.aonefiresafety.com





# નામીબિયાને હરાવી સુપર 8ની આશા જીવંત રાખવા માગશે અમેરિકા

**અમેરિકાએ** નેધરલેન્ડને 93 રને હરાવીને એસોસિએટ દેશોમાં સૌથી મોટી જીતનો રેકોર્ડ નોંધાવ્યો હતો

**મેચ** બપોરે 3 વાગ્યે શરૂ થશે

ચેન્નાઈ, તા. 14 (પીટીઆઈ): નેધરલેન્ડ સામેની જીતથી આત્મવિશ્વાસથી છલોછલ અમેરિકાની ટીમ હવે નામિબિયાને હરાવી સુપર-8માં પહોંચવાની આશા જીવંત રાખવા મેદાનમાં ઉતરશે. અત્યારે ભારત અને પાકિસ્તાન પોઈન્ટ ટેબલમાં મોખરે છે, પરંતુ જો અમેરિકા આ મેચ જીતે અને ટોચની બે ટીમોમાંથી કોઈ એક હારે, તો અમેરિકા માટે તક બની શકે છે.

અમેરિકાએ નેધરલેન્ડને 93 રને હરાવીને એસોસિએટ દેશોમાં સૌથી મોટી જીતનો રેકોર્ડ નોંધાવ્યો છે. સાઈતેજા મુક્કામલ્લા અને શુભમ રંજનેની આક્રમક બેટિંગથી ટીમે 200 રનનો આંકડો વટાવ્યો હતો. બોલિંગમાં હરમીત સિંહ, મોહમ્મદ મોહસીન અને નોસ્તુષ ક્રેન્જિગેની સ્પિન ત્રિપુટીએ 10 ઓવરમાં માત્ર 60 રન આપી 7 વિકેટ ઝડપી હતી.

બીજી તરફ, નામિબિયા માટે આ સન્માન બચાવવા માટેની જંગ છે. ભારત સામેના ધબડકા બાદ નામિબિયાએ બેટિંગ અને ડેથ ઓવર્સમાં સુધારો કરવો પડશે. કેપ્ટન ગેહાર્ડ ઈરાસ્મસ અને જેજે સ્મિટ પર ટીમની જીતનો મુખ્ય દારમદાર રહેશે.

## નેપાળ સામે વેસ્ટઈન્ડિઝને સાવધ રહેવાની જરૂર

**વેસ્ટઈન્ડિઝ** પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે મેચ સવારે 11 વાગ્યાથી શરૂ થશે

મુંબઈ, તા. 14 (પીટીઆઇ): આત્મવિશ્વાસથી ભરપૂર વેસ્ટઈન્ડિઝ રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં નેપાળ સામે ટકરાશે, જ્યાં તેમનો લક્ષ્ય જીતની લય જાળવી રાખીને ગ્રુપ-સીમાં ટોચનું સ્થાન મજબૂત કરવાનો રહેશે. અત્યાર સુધી બંને મેચ જીતીને વેસ્ટઈન્ડિઝ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને છે. જોકે, નેપાળે ભૂતકાળમાં વેસ્ટઈન્ડિઝને શ્રેણીમાં હરાવ્યું હોવાથી કેરેબિયન ટીમે સાવધ રહેવું પડશે. વેસ્ટઈન્ડિઝ માટે હેટમાયર, રોસ્ટન ચેઝ અને શેરફેન રધરફોર્ડ શાનદાર ફોર્મમાં છે. મુખ્ય કોચ ડેરેન સેમી માટે એ આનંદની વાત છે કે દરેક મેચમાં અલગ-અલગ ખેલાડીઓ મેચ વિનર બની રહ્યા છે. બીજી તરફ, નેપાળ માટે સુપર-8ની આશા લગભગ ધૂંધળી છે. ઈંગ્લેન્ડ સામે નેપાળે લડત આપી હતી, પરંતુ ઈટાલી સામે દસ વિકેટે મળેલી હાર બાદ તેમનું મનોબળ ડગમગ્યું હશે. વાનખેડેની પિચ સ્પિનરોને મદદ કરી રહી છે, જે આ મુકાબલામાં નિર્ણાયક સાબિત થઈ શકે છે.

# ન્યુઝીલેન્ડને હરાવી દ. આફ્રિકાએ સુપર-8માં સ્થાન નિશ્ચિત કર્યું



**ન્યૂઝીલેન્ડે** આપેલા 176 રનના લક્ષ્યાંકને દ. આફ્રિકાએ 17.1 ઓવરમાં જ મેળવ્યો

**માર્કરમના** વિસ્ફોટક 86 રન, યાનસને 4 વિકેટ લીધી

અમદાવાદ, તા. 14 (પીટીઆઈ): એડન માર્કરમની તોફાની અડધી સદીની મદદથી દક્ષિણ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડને સાત વિકેટે કચડી નાખીને સુપર-8માં પોતાનું સ્થાન લગભગ નિશ્ચિત કરી લીધું છે. ગ્રુપ-ડીના આ મહત્વના મુકાબલામાં કેપ્ટન માર્કરામે 86 રનની શાનદાર ઈનિંગ રમીને કિવિ બોલરોને પરાસ્ત કર્યા હતા.

પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે માર્ક ચેપમેન (48) અને ડેરીલ મિશેલ (32) વચ્ચેની 74 રનની ભાગીદારીને સહારે 175 રન બનાવ્યા હતા. માર્કો યાન્સને 40 રન આપી 4 વિકેટ ઝડપી ન્યૂઝીલેન્ડને મધ્ય ઓવરોમાં રન બનાવતા અટકાવ્યું હતું. જોકે, 176 રનનો લક્ષ્યાંક દક્ષિણ આફ્રિકાએ માત્ર 17.1 ઓવરમાં જ મેળવી લીધો હતો. માર્કરામે માત્ર 28 બોલમાં અડધી સદી પૂરી કરી હતી અને કુલ 8 ચોગ્ગા તથા 4 છગ્ગા ફટકારી 200ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. ક્વિન્ટન ડી કોક (20) અને ડેવિડ મિલરે (24*) તેને યોગ્ય સાથ આપ્યો હતો.

આ જીત સાથે દક્ષિણ આફ્રિકા 3 મેચમાં 6 પોઈન્ટ સાથે ગ્રુપમાં ટોચ પર છે. હવે તેમનો સામનો યુએઈ સામે થશે, જ્યારે ન્યૂઝીલેન્ડ મંગળવારે કેનેડા સામે ટકરાશે. જો કોઈ મોટી ઉલટફેર ન થાય તો બ્લેક કેપ્સ પણ આગલા તબક્કામાં પહોંચી જશે. સ્ટેડિયમમાં હાજર 55000 દર્શકોએ આ રોમાંચક મેચનો ભરપૂર આનંદ માણ્યો હતો.

## આયર્લેન્ડે ઓમાનને 94 રને કચડ્યું

કોલંબો, તા. 14 (પીટીઆઈ): શનિવારે રમાયેલી ટી-20 વર્લ્ડ કપની ગ્રુપ-બીની એકતરફી મેચમાં કેપ્ટન લોર્કન ટકરની 51 બોલમાં 94 રનની તોફાની ઈનિંગની મદદથી આયર્લેન્ડે ઓમાન સામે 96 રને ભવ્ય વિજય મેળવ્યો છે. પ્રથમ બેટિંગ કરતા આયર્લેન્ડની શરૂઆત નબળી રહી હતી અને એક સમયે સ્કોર 47 રને 3 વિકેટ હતો. જોકે, ટકરે 10 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકારી વળતો પ્રહાર કર્યો હતો. તેણે ગેરેથ ડેલની (56 રન) સાથે 101 રનની અને બાદમાં જ્યોર્જ ડોકરેલ (35 રન) સાથે માત્ર 19 બોલમાં 70 રનની ભાગીદારી કરી આયર્લેન્ડને 235/5ના આ ટૂર્નામેન્ટના સર્વોચ્ચ સ્કોર સુધી પહોંચાડ્યું હતું. 236 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓમાનની ટીમ 18 ઓવરમાં માત્ર 139 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓમાન તરફથી આમિર કલીમ (50) અને હમ્માદ મિર્ઝા (46) એ લડત આપી હતી, પરંતુ તેમના આઉટ થયા બાદ મધ્યક્રમ પત્તાના મહેલની જેમ ધરાશાયી થયો હતો અને આઠ બેટ્સમેનો સિંગલ ડિજિટમાં આઉટ થયા હતા. આયર્લેન્ડ તરફથી જોશ લિટલે ઘાતક બોલિંગ કરતા 16 રનમાં 3 વિકેટ ઝડપી હતી, જ્યારે મેથ્યુ હમ્ફ્રીઝ અને બેરી મેકકાર્થીએ 2-2 વિકેટ લીધી હતી. આ જીત છતાં આયર્લેન્ડ ગ્રુપમાં ચોથા સ્થાને છે, જ્યારે ઓમાનને આ ત્રીજી હારનો સામનો કરવો પડ્યો છે.

# ઈંગ્લેન્ડે સ્કોટલેન્ડને હરાવી સુપર-8ની આશા જીવંત રાખી

**સ્કોટલેન્ડે** આપેલા 153 રનના લક્ષ્યાંકને ઈંગ્લેન્ડે 3 વિકેટ ગુમાવી મેળવ્યો

**આદિલ** રશીદે શાનદાર બોલિંગ કરી 3 વિકેટ લીધી જ્યારે ટોમ બેન્ટને અણનમ અડધી સદી ફટકારી



કોલકાતા, તા. 14 (પીટીઆઈ): શનિવારે રમાયેલી ટી-20 વર્લ્ડ કપની મહત્વની મેચમાં આદિલ રશીદની શાનદાર બોલિંગ અને ટોમ બેન્ટનની અણનમ અર્ધસદીની મદદથી ઈંગ્લેન્ડે સ્કોટલેન્ડ સામે પાંચ વિકેટે વિજય મેળવીને પોતાની 'સુપર-8'ની આશાઓ જીવંત રાખી છે.

પ્રથમ બેટિંગ કરતા સ્કોટલેન્ડ એક સમયે 12.3 ઓવરમાં 113 રને 3 વિકેટ સાથે મજબૂત સ્થિતિમાં હતું, પરંતુ આદિલ રશીદ (3/36) અને લિયામ ડોસન (2/34)ની સ્પિન જોડીએ તરખાટ મચાવતા સ્કોટલેન્ડે માત્ર 14 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. સ્કોટલેન્ડની ટીમ નિર્ધારિત 19.4 ઓવરમાં 152 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

153 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની શરૂઆત નબળી રહી હતી અને 13 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, ટોમ બેન્ટને 41 બોલમાં અણનમ 63 રન ફટકારીને બાજી સંભાળી હતી. તેને જેકબ બેથેલ (32 રન)નો સારો સાથ મળ્યો હતો, જેમણે 66 રનની ભાગીદારી કરી ઈનિંગને સ્થિર કરી હતી. અંતમાં વિલ જેક્સના ચોગ્ગા-છગ્ગાની મદદથી ઈંગ્લેન્ડે 18.2 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ઈંગ્લેન્ડ ગ્રુપ-સીમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. હવે સુપર-8માં સ્થાન નિશ્ચિત કરવા માટે સોમવારે ઈંગ્લેન્ડનો સામનો ઈટાલી સામે થશે.

## પેરા વર્લ્ડ ચેમ્પિયનશીપ: પ્રમોદ ભગતનો ઐતિહાસિક વિજય

મનામા, તા. 14 (પીટીઆઈ): ભારતના સ્ટાર પેરા-બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગતે BWF પેરા વર્લ્ડ ચેમ્પિયનશિપમાં શાનદાર પ્રદર્શન કરતા મેન્સ સિંગલ્સ SL3 કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ફાઈનલમાં તેમણે ઈન્ડોનેશિયાના મોહમ્મદ અલ ઈમરાનને ૨૧-૧૨, ૨૧-૧૮થી હરાવીને સતત ચોથું અને કુલ છઠ્ઠું વર્લ્ડ ટાઈટલ પોતાના નામે કર્યું હતું. આ જીત સાથે ભગતે ચીનના મહાન ખેલાડી લિન ડેનના પાંચ વર્લ્ડ ટાઈટલના રેકોર્ડને તોડીને ઈતિહાસ રચ્યો છે. ૧૮ મહિનાના સસ્પેન્શન બાદ પરત ફરેલા ભગત માટે આ જીત મોટી પુનરાગમન સમાન છે. આ ઉપરાંત, પ્રમોદ ભગતે સુકાંત કદમ સાથે મળીને મેન્સ ડબલ્સમાં પણ ગોલ્ડ મેડલ જીતીને 'ગોલ્ડન ડબલ' પૂર્ણ કર્યો હતો. અન્ય પરિણામોમાં, ભારતના એન. શિવકુમાર (SL4), એમ. રામદાસ (SU5) અને એન. સુમતી સિવન (SH6) એ પોતપોતાની કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવ્યા હતા. એકંદરે, ભારતીય ખેલાડીઓએ આ ટૂર્નામેન્ટમાં દબદબો જાળવી રાખ્યો હતો.

# વિન્ટર ઓલિમ્પિક્સ: ક્લેબોની 8મા ગોલ્ડ સાથે રેકોર્ડબ્રેક બરાબરી

**ફિગર** સ્કેટીંગમાં શાયદોરોવે ગોલ્ડ જીતીને કર્યો ઉલટફેર



કોર્ટીના ડી'એમ્પેઝ્ઝો (ઈટાલી), તા. 14 (એપી): ઈટાલીના મિલાન કોર્ટિના ખાતે રમાઈ રહેલા વિન્ટર ઓલિમ્પિક્સમાં શુક્રવારનો દિવસ ભારે ઉલટફેર અને ઐતિહાસિક સિદ્ધિઓનો રહ્યો હતો. ફિગર સ્કેટિંગમાં 'ક્વાડ ગોડ' તરીકે ઓળખાતા અમેરિકાના 21 વર્ષીય ઈલિયા માલિનિન ગોલ્ડ મેડલના પ્રબળ દાવેદાર હોવા છતાં બે વાર લપસી પડતા તે ગોલ્ડથી વંચિત રહ્યો હતો. તેનો ફાયદો ઉઠાવી કઝાકિસ્તાનના મિખાઈલ શાયદોરોવે 291.58ના સ્કોર સાથે કરિયરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી પોતાના દેશને આ ગેમ્સનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. જ્યારે જાપાનના યુમા કાગિયામાએ સિલ્વર અને શુન સાતોએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સ્નોબોર્ડિંગમાં જાપાનના સ્ટાર ખેલાડી યુટો તોત્સુકાએ મેન્સ હાફપાઈપ ઈવેન્ટમાં 95ના સર્વોચ્ચ સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીતી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી હતી. તેણે પાંચ વખતના ઓલિમ્પિયન સ્કોટી જેમ્સને માત આપી હતી, જે 93.50ના સ્કોર સાથે સિલ્વર મેડલ મેળવી શક્યા હતા. સ્પીડસ્કેટિંગમાં 19 વર્ષીય ચેક ખેલાડી મેટોડેજ જિલેકે ઠંડીની તકલીફ હોવા છતાં 10,000 મીટરની રેસમાં અદભૂત વિજય મેળવી ગોલ્ડ જીત્યો હતો. તેમજ નોર્વેના 29 વર્ષીય સ્ટાર જોહાન્સ હોસ્ફલોટ ક્લેબોએ 10 કિમી ક્રોસ કંટ્રી સ્કીઈંગમાં વિજય મેળવી પોતાની કારકિર્દીનો આઠમો ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે જ તેણે વિન્ટર ઓલિમ્પિક્સમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ જીતવાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

## આજનું પંચાંગ

**તા. 15/02/2026, રવિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1947
**વીર સંવત** : 2552 **માસ** : મહા
**તિથિ**: વદ તેરસ: 17:06
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : શિશિર
**રાષ્ટ્રિય દિનાંક** : મહા: 26
**યોગ** : વ્યતિપાત **કરણ**: વિષ્ટિ
**નક્ષત્ર** : ઊ.ષા.: 19:49 **રાશિ**: મકર (ખ,જ)
**દિવસ** : અશુભ, મહાશિવરાત્રી, શિવપૂજન, નિશીથકાળ 24:28 થી 25:18 સુધી
**સુરતમાં સૂર્યોદય** : 07:11 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:35
**નવકારસી** : 07:59
**પારસી વર્ષ** : 1395 મહેર માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447, શાબાન માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં**: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ,
**રાત્રિનાં ચોઘડિયાં**: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ,
**રાહુ કાળ**: સવારે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,)**: નોકરી માટેના પ્રયત્ન સફળ રહે. ઉપરી વર્ગનો સાથ મળે. સ્વતંત્ર ધંધા-વેપારમાં આવક વધશે.

**વૃષભ (બ,વ,ઉ,)**: વિદ્યાર્થીઓની પરીક્ષા અનુકૂળ રહે. બૌદ્ધિક કામમાં સફળતા મળે. પ્રવાસમાં ધ્યાન રાખવું.

**મિથુન (ક,છ,ઘ,)**: ખર્ચા વધશે. પડવા-વાગવાથી સાવધાન. સરકારી નોકરિયાતની જવાબદારી વધશે.

**કર્ક (ડ,હ,)**: નવા સંબંધો અને લોકોથી સાવધાન રહેવું. સમાજમાં અશાંતિ વધે. રોજના કામમાં વિલંબ.

**સિંહ (મ,ટ,)**: લેવડ-દેવડમાં ધીરજ રાખવી. હરીફો ચોર-લૂંટારુ અને હિત શત્રુઓથી નુકસાન થઇ શકે.

**કન્યા (પ,ઠ,ણ,)**: રોમેન્ટીક મુલાકાત થાય. આવક વધે પરીક્ષામાં અનુકૂળતા રહે. સંતાન ચિંતા સતાવે.

**તુલા (ર,ત,)**: વડીલોની મદદથી સામાજિક અને કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,)**: સંપત્તિ, મકાન, ઘર બાબતે યોજના બને સોદા થાય. પડવા-વાગવાથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,)**: માનસિક અશાંતિ રહે. વિવાદથી દૂર રહેવું. ખર્ચા વધે. કામમાં વિલંબ થાય.

**મકર (ખ,જ,)**: આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. સમાજમાં અશાંતિ વધે. બહારનાં કામનો બોજ સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,)**: ખર્ચા વધશે. મનોરંજન પ્રવાસમાં સાવધાની રાખવી. છેતરાઇ જવાનું બને.

**મીન (દ,ચ,ઝ,થ,)**: વફાદાર મિત્રો અને જીવનસાથીનો સાથ સામાજિક સમસ્યામાં મળે. વિદ્યાર્થીઓને મદદ મળે.

## કોઈ પણ સાલમાં 15 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી, ધંધામાં આવક વધશે. આરોગ્ય સામાન્ય રહે નવી નોકરીમાં ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણીનાં નવાં રોકાણ સરળ બને. નવાં ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સમાજ જીવનમાં યશ મળે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ થાય. મિત્રો-વડીલોની મદદ કોર્ટ-કચેરી સહકારી કામમાં મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશનાં કામ પાર પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આવક વધારવાની યોજનામા ચડતી-પડતી રહે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં શુક્રવાર-શનિવાર તા. 6, 15, 24 નવાં કામ માટે અનુકૂળ રહેશે. સફેદ રંગનો ઉપયોગ કરતા રહેવું. જુલાઇ- ઓગસ્ટમાં બુધવાર, 1, 10, 19, 28 તારીખે નવાં કામ ટાળવાં. ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### લોહીનું ઊંચું દબાણ

આ પ્રયોગ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ પ્રદેશથી આવ્યો છે. નિર્દોષ છે. તરબૂચનો છોડા સહિત દબાવીને કાઢેલો રસ એક એક કપ દિવસમાં ત્રણ વાર પીવો. તરબૂચ ના બીજ સૂકવી, ભરી રાખવા. તેમાંથી બે ચમચી બીજ રોજ રાત્રે દળી, એક કપ ઊકળતા પાણીમાં નાખીને ઢાંકી દો. સવારે ગાળી ને પીવાથી લોહીનું ઊંચું દબાણ કાબુમાં રહેશે એવું વિધાન છે.